# ગુજરાત સરકાર

## અંદાજપત્ર ૨૦૧૮-૧૯

## વિહંગાવલોકન

- કૃષિમાં મૂલ્યવૃદ્ધિ, ખેડૂત કલ્યાણ, યુવાઓ માટે રોજગારીની પૂરતી અને ઉત્તમ સુવિધાઓ, સિંચાઇની સુવિધાઓ, ગુણવત્તાયુક્ત પાણી પૂરવઠો, પરવડે તેવી કિંમતે આવાસ, પોષણ, આરોગ્ય, શિક્ષણ, ટ્રાફિક વ્યવસ્થાપન અને આંતરમાળખાકીય સુવિધાઓને અગ્રતા આપી સંસાધનોનું સમાયોજન આ અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૮-૧૯નું અંદાજપત્ર રૂ.૧,૮૩,૬૬૬ કરોડનું કદ ધરાવે છે જે વર્ષ ૨૦૧૭-૧૮ના સુધારેલ અંદાજ કરતાં લગભગ રૂ. ૧૪,૮૨૮ કરોડ જેટલો વધારો સૂચવે છે
- આ અંદાજપત્ર રૂ. ૭૮૩ કરોડની એકંદર પુરાંત દર્શાવે છે.
- નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માટે રૂ. ૫,૯૯૮ કરોડની મહેસૂલી પુરાંત અંદાજવામાં આવેલ છે.
- નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે રાજકોષીય ખાધની રકમ રાજયના કુલ ઘરગથ્થું ઉત્પાદનના ૧.૭૧% અંદાજવામાં આવેલ છે કે જે રાજવિત્તિય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન ધારા અન્વયે નિયત ૩%ની ગ્રાહ્ય મર્યાદાની અંદર છે.

## કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

**(કુલ જોગવાઇ રૂ. ૬,૭૫૫ કરોડ)**

- પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, ખેડૂત અકસ્માત વીમો, ભાવ સ્થિરીકરણ વગેરે કૃષિ ક્ષેત્રના જોખમોને પહોંચી વળવા માટે રૂ.૧૧૦૧ કરોડની જોગવાઇ
- ટપક સિંચાઇ અંતર્ગત સિંચાઇ વ્યવસ્થાને સુદ્રઢ કરવા રૂ. ૭૫૦ કરોડની જોગવાઇ.
- ખેડૂતોને ઝીરો ટકાના વ્યાજે પાક ધિરાણ મળે તે માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઇ
- રાષ્ટ્રિય કૃષિ વિકાસ યોજના અંતર્ગત રૂ. ૩૯૫ કરોડની જોગવાઇ.
- કૃષિ યાંત્રિકરણ માટે કુલ રૂ. ૨૩૫ કરોડની જોગવાઇ, જે અંતર્ગત ૨૯,૦૦૦ ખેડૂતોને ટ્રેક્ટરની ખરીદીમાં સહાય અને ૩૨,૦૦૦ ખેડૂતોને કૃષિ યાંત્રિકરણના

વિવિધ ઓજારોની ખરીદી માટે સહાય

- મલ્ટી કોમોડીટી કન્ટ્રોલ એટમોસ્ફીઅર ટેક્નોલોજી સાથેના કોલ્ડ સ્ટોરેજ ઊભા કરવા માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ.
- સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ ૨૦૧૬-૨૧ અંતર્ગત એગ્રો અને ફુડ પ્રોસેસીંગ એકમોને સહાય આપવા માટે રૂ. ૩૪ કરોડની જોગવાઇ. આ યોજના અંતર્ગત ૪ ઇરેડિયેશન પ્લાન્ટ પણ ઉભા કરવાનું આયોજન છે.

**પશુપાલન અને ડેરી: -**

- ૧૨ દૂધાળા પશુ ફાર્મની સ્થાપના માટે એક ફાર્મ દીઠ રૂ.૩ લાખ સુધીની સહાય આપવામાં આવશે. આવા કુલ ૫૦૦૦ ફાર્મની સ્થાપના માટે પ્રથમ વર્ષે સહાય આપવા પેટે રૂ. ૧૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
- નેશનલ લાઈવ સ્ટોક મિશન માટે રૂ. ૩૩.૮૦ કરોડની જોગવાઈ
- મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના માટે રૂ. ૨૫.૩૩ કરોડની જોગવાઈ
- કરુણા એનિમલ એમ્બ્યુલન્સ સેવા માટે રૂ. ૨૫.૫૩ કરોડની જોગવાઇ
- ગૌશાળા અને પાંજરાપોળની માળખાકીય સુવિધાઓને સુદ્રઢ કરવા તથા ગીર અને કાંકરેજ ગાયની કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓની જાળવણી માટે રૂ. ૪૩.૮૭ કરોડની જોગવાઇ

**મત્સ્યોધોગ**

- ગુજરાતના નવા મત્સ્ય બંદરો ખાતે માળખાકીય સુવિધાઓના નિર્માણ અને હયાત મત્સ્ય બંદરો ખાતેની માળખાકીય સુવિધાઓની સુધારણા માટે રૂ.૨૮૦ કરોડની જોગવાઇ.
- હાઇ સ્પીડ ડીઝલ ઓઇલ પરની વેરામાફીની યોજના પેટે રૂ. ૧૦૨ કરોડની જોગવાઇ.

**સહકાર**

- પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓ(પેક્સ)ના કોમ્પ્યુટરાઈઝેશન તથા બેન્કો સાથે કોરબેન્કિંગ સીસ્ટમથી જોડવા માટે રૂ.૭૦ કરોડની જોગવાઈ

# <u>શિક્ષણ વિભાગ</u>

## (કુલ જોગવાઇ રૂ. ૨૭,૫૦૦ કરોડ)

### પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ -

- પ્રાથમિક શાળાઓમાં નવા વર્ગખંડોના બાંધકામ માટે રૂ.૬૭૩.૩૮ કરોડની જોગવાઇ
- જ્ઞાનકુંજ પ્રોજેક્ટનો વ્યાપ વધારવાના હેતુથી ૪૦૦૦ શાળાઓમાં ધોરણ ૭ અને ૮ના ૮૦૦૦ વર્ગખંડોમાં "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ અને NCERT આધારિત ધોરણ ૫ થી ૮ ના અભ્યાસક્રમના ઇ-કન્ટેન્ટ વિક્સાવવા માટે રૂ.૩૦ કરોડની જોગવાઇ
- ધોરણ ૮ પાસ કર્યા બાદ કન્યાઓ ડ્રોપ આઉટ ન થાય તે હેતુથી ધોરણ ૯ અને ધોરણ ૧૦ માટે નિવાસી વ્યવસ્થા ઊભી કરવા માટે રૂ. ૬૮.૬૯ કરોડની જોગવાઇ
- દૂધ સંજીવની યોજના: ૨૦૦ દિવસ દૂધ સંજીવની યોજના મારફત ફ્લેવર્ડ દૂધ પૂરું પાડવા માટે કુલ રૂ.૩૭૭ કરોડની જોગવાઇ.
- ૧૪ આદિજાતિ જિલ્લાની આશરે ૫.૧૫ લાખ વિદ્યાર્થિનીઓના વાલીઓને અન્ન ત્રિવેણી યોજના હેઠળ અનાજ પૂરું પાડવા રૂ. ૬૮ કરોડની જોગવાઇ.
- ધોરણ ૩ થી ૮ના ૪૨ લાખ બાળકોને ગણિત વિષયની અને ધોરણ ૬ થી ૮ના બાળકોને વિજ્ઞાન વિષયની પાયાની સંકલ્પનાઓ શીખવા વિનામૂલ્યે વર્કબુક પૂરી પાડવા રૂ. ૧૫ કરોડની જોગવાઇ.
- પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને વિવિધ વિષયોની તાલીમ આપવા માટે રૂ. ૧૩ કરોડની જોગવાઇ.

### ઉચ્ચ શિક્ષણ-

- આગામી વર્ષે અંદાજે ત્રણ લાખ ટેબ્લેટ આપવા માટે કુલ રૂ. ૧૫૦ કરોડની જોગવાઇ.
- ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની કોલેજોમાં વિદ્યાર્થીઓની રોજગારલક્ષી કુશળતામાં વધારો કરવા ફીનિશીંગ સ્કૂલ હેઠળ રૂ.૧૦.૮૫ કરોડની જોગવાઈ
- સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પોલીસી હેઠળ નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત ખાતે નવું હબ સ્થાપવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના: પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ

મેળવતા વિદ્યાર્થીઓને વિવિધ સુવિધાઓ પૂરી પાડવા માટે રૂ. ૯૦૭ કરોડની જોગવાઇ.

**<u>યુવા રોજગારી અને સશક્તિકરણ</u>**

અંદાજિત ૩.૫૦ લાખ યુવાઓને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવા માટે કુલ રૂ.૭૮૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જે પૈકી,

- મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના અંતર્ગત સ્નાતકને માસિક રૂ.3000, ડિપ્લોમા ધારકને માસિક રૂ.૨000 અને અન્યોને માસિક રૂ.૧૫00, એક વર્ષ માટે એક લાખ યુવાઓ ને સહાય આપવા માટે રૂ.૨૭૧.૬૬ કરોડની જોગવાઇ
- પશુ ફાર્મની સ્થાપનાઃ ૫000 એકમની સ્થાપના માટે ૨૫,000 યુવાઓને સહાય આપવા પેટે રૂ.૧૪૦.૪૫ કરોડની જોગવાઇ.
- મુખ્યમંત્રી ગ્રામોદય યોજનાઃ અંદાજે ૫0,000 જેટલા ગ્રામીણ વિસ્તારના કુશળ અને અર્ધ-કુશળ શ્રમિકો તથા લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગ સાહસિકોને ગ્રામીણ વ્યવસાયો માટે ૬ ટકા સુધીની વ્યાજ સબસીડી આપવા માટે રૂ. ૬૦ કરોડની જોગવાઇ.
- શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના હેઠળ ૪0,000 લાભાર્થીઓને રૂ. ૮ લાખ સુધીના ધિરાણ સામે ૨૦ ટકા થી ૪૦ ટકા સુધીની કેપીટલ સબસીડી માટે રૂ.૧૯૭.૪૦ કરોડની જોગવાઇ.
- માનવ કલ્યાણ યોજના અન્વયે ૮૪ હજાર લાભાર્થીઓને ધંધા-રોજગાર કરવા માટે રૂ.૮000ના મૂલ્યની ટૂલ-કીટ પૂરી પાડવા માટે રૂ. ૬૦ કરોડની જોગવાઇ
- આગામી વર્ષમાં સરકારના વિવિધ વિભાગોમાં અંદાજીત ૩0,000 નવી ભરતી કરવામાં આવશે.
- અંદાજે ચાર લાખ લોકોને ખાનગી એકમોમાં રોજગારી માટે ભરતી મેળાઓનું આયોજન કરવા માટે રૂ. ૫ કરોડની જોગવાઇ.

## <u>શ્રમ અને રોજગાર વિભાગ</u>
## (કુલ જોગવાઇ રૂ. ૧૭૩૨ કરોડ)

- ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં નવીન ટેકનોલોજી આધારિત મશીનરી, સાધનોની ખરીદી કરવા રૂ.૪૦ કરોડની જોગવાઇ
- શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ હાલના ૮૭ ભોજન કેન્દ્રો ઉપરાંત વધુ નવા ૫૧ ભોજન કેન્દ્રો શરૂ કરવા સહિત કુલ રૂ.૮૦ કરોડની જોગવાઇ

- ૨૨ નવા ધન્વંતરી આરોગ્ય રથની સેવાઓ શરૂ કરવા સહિત કુલ રૂ.૧૮.૩૫ કરોડની જોગવાઇ.
- બાંધકામ શ્રમિક ઉજ્જવલા યોજના અંતર્ગત ગેસ સિલિન્ડર અને સગડી આપવા રૂ.૧૦ કરોડની જોગવાઇ
- નોંધાયેલ બાંધકામ શ્રમયોગીઓને સ્ટીલના વાસણોનો સેટ આપવા રૂ. ૧૦ કરોડની જોગવાઇ

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**(કુલ જોગવાઇ રૂ ૯,૭૫૦ કરોડ)**

- અત્યંત લોકપ્રિય મુખ્યમંત્રી અમૃતમ (મા) અને મા-વાત્સલ્ય યોજના માટે કુલ રૂ. ૭૦૦ કરોડની જોગવાઈ કરેલ છે, જેની સાથે યોજનામાં -
  - વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨.૫૦ લાખથી વધારીને રૂ. ૩ લાખ કરવામાં આવશે.
  - હાલની સારવાર માટેની મર્યાદા બે લાખથી વધારીને ત્રણ લાખ કરવામાં આવશે.
  - વાર્ષિક રૂ. ૬ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબના ૬૦ વર્ષ કે તેથી વધુ વયના સિનીયર સિટીઝનને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.
  - કીડની, લીવર અને પેન્ક્રીઆઝના પ્રત્યારોપણ માટે પાંચ લાખ સુધીની સહાય આપવામાં આવશે.
  - ની-રીપ્લેસમેન્ટ તથા હીપ-રીપ્લેસમેન્ટ માટે એક પગના ઓપરેશન દીઠ રૂ.૪૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવશે અને બે પગના પ્રત્યારોપણના કિસ્સામાં રૂ.૮૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવશે.
  - આ યોજનાઓમાં વ્યાપ વધારા અને અતિરિક્ત લાભોની જોગવાઇના પરિણામે અંદાજિત ૬૦ લાખ પરિવારોને એટલે કે રાજ્યના ત્રણ કરોડ નાગરિકોને આ યોજનાના લાભો મળશે.
- આરોગ્યરક્ષક દવાઓ વિનામૂલ્યે પૂરી પાડવા માટે કુલ રૂ.૪૭૦ કરોડની જોગવાઇ.
- મુખ્યમંત્રી નિદાન યોજના અંતર્ગત કુલ રૂ.૧૬૫ કરોડની જોગવાઇ.
- ૫૯૩ પેટા કેન્દ્રો, ૧૨૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા ૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રોનાં બાંધકામ માટે કુલ રૂ.૯૭.૪૪ કરોડની જોગવાઈ.

**તબીબી શિક્ષણ માટે કુલ જોગવાઈ  રૂ ૩,૪૧૩ કરોડ**

- સોલા તથા ગાંધીનગરની મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોનાં વિસ્તૃતિકરણ માટે કુલ રૂ. ૧૧૫ કરોડની જોગવાઇ.
- રાજયની મોખરાની કીડની ઇન્સ્ટિટ્યુટ, કેન્સર ઇન્સ્ટિટ્યુટ  અને કાર્ડીયોલોજી ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદને સુદ્દઢ કરવા, પીડિયાટ્રીક કાર્ડીયાક હોસ્પિટલ કાર્યરત કરવા, ગાંધીનગર, સુરત, રાજકોટ ખાતે કાર્ડીયાક સેટેલાઈટ સેન્ટર ઊભું કરવા તથા કીડની ઇન્સ્ટિટ્યુટ , અમદાવાદ ખાતે પરફ્યુઝન લેબોરેટરી, વગેરે માટે કુલ રૂ.૧૬૦ કરોડની જોગવાઇ.
- સ્ટેટ ઇન્સ્ટિટ્યુટ  ઓફ ટોકસીકોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર માટે જોગવાઈ રૂ.૨ કરોડ.

**તબીબી સેવાઓ માટે કુલ જોગવાઈ રૂ. ૮૬૬ કરોડ**

- સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ''ગુજરાત પેરીનેટોલોજી ઇન્સ્ટીટયુટ'' શરૂ કરવા માટે રૂ. ૧ કરોડની જોગવાઈ.
- વયસ્ક વ્યક્તિઓની તબીબી ગૃહ મુલાકાત, ટ્રોમા કેર સેન્ટર, માનસિક આરોગ્ય હેલ્પલાઈન થકી માનસિક આરોગ્ય સારવાર, સમ-પરામર્શ સેન્ટર, કોગ્નિટીવ તેમજ ઇમોશનલ ડેવલપમેન્ટ ઓફ બેબી વગેરે માટે કુલ રૂ.૧૨ કરોડની જોગવાઈ.
- અકસ્માતોમાં પ્રથમ ''ગોલ્ડન અવર''માં આનુષંગિક આકસ્મિક માટેની વિશેષ યોજના પેટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ.
- નવજાત શિશુની નાજુક પરિસ્થિતિ સમયે ઉપસ્થિત થતી કટોકટી નિવારવા ઇન્ટર હોસ્પિટલ ટ્રાન્સફર માટે તમામ જિલ્લામાં નિયોનેટલ એમ્બ્યુલન્સ સર્વિસ શરૂ કરવા માટે રૂ. ૩  કરોડની જોગવાઈ
- દરિયા કાંઠાના વિસ્તારોમાં બોટ એમ્બ્યુલન્સની સેવા શરૂ કરવા માટે રૂ. ૨ કરોડની જોગવાઈ.
- ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા માટે ૧૦૦ નવી એમ્બ્યુલન્સ ખરીદવા માટે રૂ. ૨૨ કરોડની જોગવાઇ.
- ઇન્ટર હોસ્પિટલ ટ્રાન્સફર માટે ૧૫ નવી એમ્બ્યુલન્સ ખરીદવા માટે રૂ. ૪ કરોડની જોગવાઇ.
- **ભારતીય તબીબી અને હોમિયોપેથિક પદ્ધતિના વિકાસ માટે કુલ રૂ. ૩૧૫ કરોડ** કરોડની જોગવાઇ.

## મહિલા અને બાળ વિકાસ વિભાગ

## (કુલ જોગવાઇ રૂ.૩૦૮૦ કરોડ)

- આંગણવાડીના ત્રણ થી છ વર્ષના બાળકોને બે જોડી ગણવેશ આપવા માટે રૂ. ૩૫ કરોડની જોગવાઇ
- મનરેગા હેઠળ આંગણવાડી કેન્દ્રોના ૨૦૦૦ મકાનનાં બાંધકામ માટે રૂ. ૮૪ કરોડની જોગવાઇ.
- તમામ આંગણવાડીઓમાં ૦ થી ૬ વર્ષની વયજૂથના ૨૯.૩૧ લાખ બાળકો, ૧૨.૭૩ લાખ કિશોરીઓ અને ૭.૧૩ લાખ સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણક્ષમ આહાર પૂરો પાડવા કુલ રૂ. ૯૯૭ કરોડની જોગવાઇ
- ૧૧ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓને ટેક હોમ રાશન માટે સબલા અને કિશોરી શક્તિ યોજના અંતર્ગત રૂ. ૩૧૪ કરોડની જોગવાઇ
- પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત પ્રથમ વખતની સગર્ભા અને ધાત્રી માતાઓને રૂ. ૫૦૦૦ ની સહાય ત્રણ હપ્તામાં ચૂકવવા રૂ. ૨૨૦ કરોડની જોગવાઇ
- ૦ થી ૬ વર્ષના બાળકોમાં પોષણ સ્તર સુધારવા ૧૦ હાઇ બર્ડન જિલ્લાઓમાં નેશનલ ન્યુટ્રીશન મિશન અંતર્ગત રૂ. ૨૯ કરોડની જોગવાઇ.
- આંગણવાડીના તમામ લાભાર્થીઓમાં સૂક્ષ્મ પોષક તત્વો જેવા કે આયર્ન અને આયોડીનની ઉણપ ન રહે તે માટે ડબલ ફોર્ટીફાઇડ મીઠું પૂરું પાડવા રૂ. ૨૦ કરોડની જોગવાઇ.
- ૯૩૨૫૯ આગણવાડી કાર્યકરો અને હેલ્પરો માટે રૂ. ૫૦,૦૦૦ના જીવનવીમા ક્વચ માટે રૂ. ૬ કરોડની જોગવાઇ.

## ઉદ્યોગ અને ખાણ વિભાગ

## (કુલ જોગવાઇ રૂ ૪,૪૧૦કરોડ)

- કોમન ફેસિલિટી સહિતના ૧૦૦૦ “પ્લગ એન્ડ પ્રોડયુસ” બહુમાળી શેડનું માંગ આધારિત બાંધકામ કરવામાં આવશે
- ઔદ્યોગિક નીતિ, ૨૦૧૫ અંતર્ગત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો (MSME) ના વિકાસ માટે કુલ રૂ. ૮૪૩ કરોડની જોગવાઇ.

- વિવિધ ઔદ્યોગિક નીતિઓ હેઠળ પ્રોત્સાહનો પૂરા પાડવા કુલ રૂ. ૮૫૦ કરોડની જોગવાઇ
- ધોલેરા એસ.આઇ.આર. ના વિકાસ માટે રૂ. ૨૮૦ કરોડની જોગવાઇ
- "ગાંધીનગર રેલ્વે અને શહેરી વિકાસ નિગમ લીમિટેડ" (GARUD) દ્વારા વૈશ્વિક કક્ષાની હોટેલ સુવિધાઓ સહિત ગાંધીનગર રેલવે સ્ટેશનના આધુનિકરણ માટે રૂ. ૭૮ કરોડની જોગવાઇ
- MSME એકમો માટે સ્ટાર્ટ અપ ફંડની શરૂઆત કરવા રૂ. ૫૦ કરોડની જોગવાઇ
- સ્ટાર્ટ અપ પોલિસી અંતર્ગત યુવાનો ને સહાય આપવા તેમજ રીસર્ચ લેબોરેટરીના સુદ્રઢીકરણ માટે કુલ રૂ. ૧૮ કરોડની જોગવાઇ
- સેન્ટર ઓફ એકસલન્સ ઇન્ક્યુબેશન અને ઇનોવેશન સેન્ટરની સ્થાપના માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ
- મીઠા ઉદ્યોગના વિકાસ અને અગરિયાઓ માટે કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવા તથા સોલાર સિસ્ટમની યોજના માટે રૂ. ૩૩ કરોડની જોગવાઇ
- રીસર્ચ અને ઇનોવેશન દ્વારા યુવા સાહસિકોને પ્રોત્સાહન આપતી સંસ્થા iCreate માટે કોર્પસ ફંડ પેટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ.
- ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન પ્રોગ્રામ હેઠળ જાપાન ઇન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી (JICA) ના સહયોગથી રાજ્યના ઔદ્યોગિક માળખાના વિકાસ માટે આગામી વર્ષ માટે રૂ. ૨૫૦ કરોડની જોગવાઇ.

**કુટિર અને ગ્રામોદ્યોગ**

- રાજ્યમાં કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા સ્વરોજગારીની તકો ઊભી કરવાની વિવિધ યોજનાઓ માટે રૂ. ૪૫૦ કરોડની જોગવાઈ
- ખાદી ક્ષેત્રના ઉત્તેજન માટે વિવિધ સહાય યોજનાઓ માટે કુલ રૂ. ૩૫ કરોડની જોગવાઇ.

**પ્રવાસન પ્રભાગ**

- સંકલિત સ્થળ વિકાસ યોજના અંતર્ગત પ્રવાસન સ્થળોની માળખાકીય સુવિધામાં વધારો કરવા રૂ. ૨૮૧ કરોડની જોગવાઇ
- મોઢેરાને સૌર ઊર્જા આધારિત આંતર રાષ્ટ્રીય  પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે રૂ. ૨૨ કરોડની જોગવાઇ
- રાષ્ટ્રીય અને રાજ્ય ધોરી માર્ગો પર પ્રવાસીઓ માટે વે-સાઇડ સવલતો માટે રૂ. ૩૭.૫૦ કરોડની જોગવાઇ
- સાબરમતી આશ્રમ, અમદાવાદ ખાતે લાઇટ એન્ડ સાઉન્ડ શો અને કીર્તિમંદિર, પોરબંદર અને મહાત્મા ગાંધીના જીવન સાથે સંબંધિત અન્ય સ્થળોના વિકાસ માટે કુલ રૂ. ૨૦ કરોડની જોગવાઇ.

**<u>યાત્રાધામ વિકાસ અને નાગરિક ઉડ્ડયન</u>**

- પાવાગઢ, કરનાળી તથા સરકાર હસ્તકના અન્ય યાત્રાધામો ખાતે માળખાકીય સુવિધાઓના વિકાસ માટે જોગવાઇ રૂ. ૨૮ કરોડ
- શિવરાત્રી કુંભ મેળો ગીરનાર, ૨૦૧૯ ના આયોજન, ગીરનારના પગથિયાંના નવીનીકરણ તથા સર્વાંગી વિકાસ માટે જોગવાઇ રૂ.૨૦ કરોડ.

## <u>ઉર્જા અને પેટ્રો કેમીકલ્સ વિભાગ</u>
## (કુલ જોગવાઈ રૂ.૮૫૦૦ કરોડ)

- વીજ ઉત્પાદન ક્ષેત્રે કોલસા અને સોલાર આધારિત નવી યોજનાઓની કામગીરીઓ હાથ ધરવા રૂ.૨૨૦ કરોડની જોગવાઇ
- કુલ રૂ. ૨૭૫૭ કરોડના ખર્ચે વીજ પ્રવહન માળખાને વધુ સુદ્રઢ કરવાની અને ૧૦૦ નવા વીજ સબ-સ્ટેશનો ઊભા કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.
- કૃષિ વિષયક વીજ જોડાણની જુદી જુદી યોજનાઓ અંતર્ગત અંદાજે ૧.૨૨ લાખ વીજ જોડાણો પૂરા પાડવા માટે ૧,૯૨૧ કરોડની જોગવાઇ.
- સૌર ઉર્જા સંચાલિત કૃષિ વિષયક પંપ સેટ આપવા માટે રૂ.૧૨૭ કરોડની જોગવાઇ

- પ્રદૂષણ ઘટાડવાના ઉદ્દેશથી પેટ્રોલ અને ડીઝલ સંચાલિત વાહનોના સ્થાને ઈલેક્ટ્રીક વ્હીકલના વ્યાપને વધારવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ.

## જળ સંપત્તિ અને કલ્પસર પ્રભાગ

**( કુલ જોગવાઇ રૂ.૧૪,૮૯૫કરોડ)**

- ડુંગરાળ અને આદિજાતિ વિસ્તારમાં વસતા આદિજાતિના લોકો માટે કુલ રૂ.૮૫૭ કરોડની જોગવાઇ.
- સૌની યોજનાના બીજા તબક્કાની બાર પેકેજની કામગીરી માટે રૂ.૧૭૬૫ કરોડની જોગવાઇ.
- સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ પાંચ ઉદવહન સિંચાઇ યોજનાઓ માટે રૂ. ૨૨૨ કરોડની જોગવાઇ.
- જળાશયોના હયાત કેનાલ માળખાના સુદ્રઢીકરણ માટે રૂ.૩૮૦ કરોડની જોગવાઇ.
- જળસંચયના વિવિધ કામો માટે રૂ.૨૫૭ કરોડની જોગવાઇ
- ભાડભૂત વીયરના બાંધકામ માટે **રૂ**.૧૧૦ કરોડની જોગવાઇ

### પાણી પુરવઠો પ્રભાગ

- આદિજાતિ વિસ્તારોમાં પાણી પુરવઠાની સુવિધા પૂરી પાડવાને અગ્રીમતા અંદાજે રૂ.૨૮૦૦ કરોડના ખર્ચે ૧૦ યોજનાઓની શરૂઆત કરવામાં આવશે.
- ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અંતર્ગત જુથ યોજનાઓ માટે કુલ રૂ. ૭૦૩.૧૯ કરોડની જોગવાઇ
- વાસ્મો દ્વારા કાર્યાન્વિત લોકભાગીદારી આધારિત આંતરિક પાણી પુરવઠા યોજનાઓ તેમજ નળ કનેકશનમાં વધારો કરવા માટે **રૂ**.૨૫૮ કરોડની જોગવાઈ

### નર્મદા યોજના

- માઇનોર સુધીની નહેરોના બાંધકામ માટે કુલ રૂ. ૪૦૧૮ કરોડનું આયોજન
- સહભાગી સિંચાઈ યોજના અન્વયે ભૂગર્ભ પાઈપલાઈનના કામો માટે કુલ રૂ.૧૨૯૫ કરોડનું આયોજન.

- ગરુડેશ્વર વિયર, ગોરા બ્રિજના બાંધકામ તથા પાવર હાઉસની જાળવણી માટે કુલ રૂ.૪૯૨.૭૧ કરોડનું આયોજન.
- "સ્ટેચ્યુ ઓફ યુનિટી"ના નિર્માણ માટે કુલ રૂ. ૮૯૯ કરોડનું આયોજન.

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**(કુલ જોગવાઇ રૂ. ૧૨,૫૦૦ કરોડ)**

- સ્વર્ણજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂ. ૪૫૪૦ કરોડની જોગવાઇ. જે પૈકી...
  - ભૌતિક અને સામાજિક આંતર માળખાકીય સુવિધાના કામો, જનભાગીદારી, શહેરી પરિવહન અને આગવી ઓળખના કામો માટે રૂ. ૨૯૧૨ કરોડની જોગવાઇ
- પાણી પુરવઠા અને ભુગર્ભ ગટર પરિયોજના અંતર્ગત સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત કરવા સ્વર્ણિમ યોજના હેઠળ રૂ. ૧૨૬૪ કરોડની જોગવાઇ
- સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને ચલાવવા માટે ૧૦૫ નગરપાલિકાઓને પાંચ વર્ષ માટે વાર્ષિક મરામત અને નિભાવણી માટે સહાય આપવા રૂ. ૭૧.૪૪ કરોડની જોગવાઇ

- શહેરી પરિવહન પૈકી
  - અમદાવાદ શહેરની ટ્રાફિક સમસ્યા હળવી બનાવવા મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ માટે રૂ. ૫૯૨ કરોડની જોગવાઇ
  - ૮ મ્યુનિસિપલ કોર્પોરેશન અને 'અ' વર્ગની ૨૨ નગરપાલિકાઓમાં ૨૮૬૪ બસો શરૂ કરવામાટે **રૂ.** ૨૯૦ કરોડની જોગવાઇ
- રાજ્યના કુલ છ શહેરો માટે સ્માર્ટ સિટી મિશન અંતર્ગત રૂ. ૫૯૭ કરોડની જોગવાઇ
- શહેરી આવાસ યોજના હેઠળ રૂ. ૧૧૮૯ કરોડ, અમૃત યોજના અંતર્ગત રૂ. ૫૦૦ કરોડ અને
- સુરતમાં ડાયમંડ ડ્રીમ સિટી પ્રોજેક્ટ માટે રૂ. ૩૦ કરોડની જોગવાઇ.

## માર્ગ અને મકાન વિભાગ

**(કુલ જોગવાઈ રૂ.૯૨૫૨ કરોડ)**

- મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે રૂ. ૨,૫૧૬ કરોડની જોગવાઇ
  - નોન પ્લાન રસ્તાઓના બાંધકામ અને સુધારણા માટે રૂ. ૧૦૯૮ કરોડ
  - ૭ વર્ષથી રિ-સરફેસ ન થયેલ હોય તેવા પ્લાન રસ્તાઓની સુધારણા માટે રૂ. ૪૧૨ કરોડ.
  - અન્ય જિલ્લા માર્ગો,મુખ્ય જિલ્લા માર્ગો અને થ્રુ- રૂટને પહોળા કરવાની કામગીરી માટે રૂ. ૩૨૭ કરોડ.
  - હયાત કોઝવે/ડીપ/સાંકડા નાળાને સ્થાને ઊંચા પુલોના બાંધકામ માટે રૂ. ૨૩૫ કરોડ.
  - ખૂટતી કડી તથા ખૂટતા નાળાના બાંધકામ માટે રૂ. ૨૩૦ કરોડ.
- રસ્તાઓની આંતર માળખાકીય સુવિધાઓને વધુ સુદ્રઢ અને સંગીન બનાવવા માટે રસ્તા અને પુલો બનાવવા રૂ. ૧૩૪૬ કરોડની જોગવાઈ
  - ૯૯ રસ્તાનું ૧૨૦૧ કિલોમીટરનું ચાર માર્ગીકરણનું કામ પ્રગતિમાં છે, જેમાં
    - વિરમગામ-સીતાપુર – બેચરાજી
    - સાહોલ-કીમ
    - રાજકોટ – મોરબી
    - લીંગડા- ભાલેજ – આણંદ
    - નડીયાદ- ડાકોર – પાલી
    - પાલનપુર- અંબાજી
    - દાંતા-અંબાજી
    - તિલકવાડા – ગરૂડેશ્વર - કેવડીયા કોલોની
    - અંકલેશ્વર – ઝગડીયા – રાજપીપળા
    - વેસ્મા-મરોલી-ઉભરાટ નોંધપાત્ર છે
- પ્રગતિપથના રાજય વ્યાપી કોરીડોરને ચાર માર્ગીય કરવા માટે પ્રથમ તબકકાના કામો પૈકી રૂ. ૧૮૩ કરોડની જોગવાઇ
- અમદાવાદ-બગોદરા-રાજકોટ રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.૮-એ અને ૮-બી ના ૨૦૧ કિલોમીટર લંબાઇના રસ્તાને છ-માર્ગીય કરવાની કામગીરી માટે રૂ.૨૭૫૪ કરોડના ખર્ચનો અંદાજ

- વિશ્વ બેંક સહાયિત ગુજરાત રાજય માર્ગ યોજના-૨ અંતર્ગત હાથ ધરવાના કામો માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઈ
- કિસાનપથ યોજના માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ.
- રાજય ધોરી માર્ગ પર અગત્યના જંકશન પર ફલાય ઓવર / અંડર પાસ બાંધવા રૂ. ૭૯.૫૦ કરોડની જોગવાઇ

## ગૃહ વિભાગ

**(કુલ જોગવાઇ રૂ ૫,૪૨૦ કરોડ )**

- યોગ્ય ટ્રાફિક વ્યવસ્થાપન કરવા માટે રૂ. ૨૦૦ કરોડની વિશેષ જોગવાઇ કરવામાં આવી છે, જે પૈકી –
    - પોલીસ દળમાં આગામી વર્ષમાં ૫,૬૩૫ જેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવાનું આયોજન જેમાથી ૧,૫૦૦ જગ્યાઓ ટ્રાફિકના હેતુસર ફાળવવામાં આવશે.
    - ટ્રાફિક બ્રિગેડમાં ૪૦૦૦ સ્વયંસેવકોનો વધારો કરવામાં આવશે, તેમાં ૩૩% મહિલાઓનો સમાવેશ કરવામાં આવશે.
    - ટ્રાફિક બ્રિગેડના સ્વયંસેવકોને મળતું દૈનિક માનદ વેતન રૂ.૨૦૦ થી વધારીને રૂ.૩૦૦ કરવામાં આવ્યું
    - આઠ મોટા શહેરોમાં ટ્રાફિક સમસ્યાને પહોંચી વળવા અને ગેરકાયદેસર પાર્કીંગની સમસ્યા નિવારવા જુદી જુદી સાધન-સામગ્રી ખરીદવામાં આવશે.

- પોલીસ ખાતાના રહેણાકના અને બિન રહેણાકના મકાનોનાં બાંધકામ માટે રૂ. ૩૬૦ કરોડની જોગવાઈ
- સેઇફ એન્ડ સીક્યોર ગુજરાત યોજના હેઠળ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા રૂ. ૧૦૨ કરોડની જોગવાઈ.
- જેલોના બાંધકામના કામો માટે કુલ રૂ. ૯૭ કરોડની જોગવાઇ.
- પોલીસ આધુનિકરણ યોજના હેઠળ પોલીસ તંત્ર તથા ફોરેન્સીક સાયન્સ તંત્રને સુદ્રઢ કરવા માટે કુલ રૂ. ૬૭ કરોડની જોગવાઇ.
- સરહદી વિસ્તારના ત્રણ જિલ્લાઓ માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ.

## સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**_(કુલ જોગવાઇ રૂ ૩,૬૪૧ કરોડ)**

- અનુસૂચિત જાતિના અંદાજે ૧૦.૪૦ લાખ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના, આર્થિક રીતે નબળા વર્ગોના અને લઘુમતીના ૪૭.૬૨ લાખ એમ કુલ ૫૮.૦૨ લાખ વિધાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ માટે રૂ. ૩૭૪ કરોડની જોગવાઇ
- ધોરણ ૧થી ૮માં ભણતા તમામ વિદ્યાર્થીઓને આપવામાં આવતી ગણવેશ સહાયની રકમ રૂ. ૩૦૦ થી વધારીને રૂ. ૬૦૦ કરવામાં આવશે. જેનો કુલ ૪૮.૧૦ લાખ વિદ્યાર્થીઓને લાભ મળશે. આ માટે રૂ.૧૪૬ કરોડની જોગવાઇ.
- અનુસૂચિત જાતિના છાત્રાલયો અને આશ્રમશાળાઓના અંદાજે ૭૩,૦૦૦ વિધાર્થીઓને વિના મુલ્યે રહેવા અને જમવાની સવલત આપવા રૂ.૧૬૨ કરોડની જોગવાઇ.
- અનુસૂચિત જાતિની અંદાજે ૨૪૦૦૦ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની કુલ ૧,૮૪,૦૦૦ કન્યાઓને વિના મુલ્યે સાયકલ આપવા રૂ. ૬૪ કરોડની જોગવાઇ
- કુંવરબાઇનું મામેરુ યોજના અંતર્ગત કુલ ૩૦,૨૫૦ કન્યાઓને સહાય આપવા રૂ. ૩૦ કરોડની જોગવાઇ
- રૂ. ૨.૫૦ લાખથી ઓછી આવકવાળી અનુસૂચિત જાતિની કન્યાઓ માટે ટયુશન ફી ચૂકવવા માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ
- અનુસૂચિત જાતિના અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અને આર્થિક રીતે નબળા વર્ગોના કુલ ૩૬૦૦ વિધાર્થીઓને ગુજકેટ, નીટ, પીએમટી, એનએલયુ, નીફટની પ્રારંભિક પરીક્ષાની તૈયારી માટે રૂ. ૬.૭૦ કરોડના ખર્ચે કોચીંગ આપવામાં આવશે.
- છૂટક ગટર સફાઇ કરતાં સફાઇ કામદારોને ડીઝલ મશીન તેમજ સલામતીના સાધનો પૂરા પાડવા માટે **રૂ.**૧.૨૫ કરોડની જોગવાઇ.

**સમાજ સુરક્ષા**

- વૃદ્ધ પેન્શન સહાય અને દિવ્યાંગ સહાય યોજના અંતર્ગત રાજ્યના અંદાજે સાત લાખ લાભાર્થીઓને પેન્શન સહાય આપવા રૂ. ૪૭૪ કરોડની જોગવાઇ.
- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના જેના માટે રૂ. ૫૦૬ કરોડની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે.

## આદિજાતિ વિકાસ વિભાગ

**(કુલ જોગવાઇ રૂ. ૨૨૦૦ કરોડ)**

- વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રૂ. ૧૩,૨૭૮ કરોડની જોગવાઈ.
- ૪૫ આદર્શ નિવાસી શાળાઓ, ૫૫૪ આશ્રમશાળાઓ અને ૯૧ એકલવ્ય મોડેલ નિવાસી શાળા મળી કુલ ૬૯૧ જેટલી શાળાઓના આશરે ૧,૨૫,૯૦૦ વિદ્યાર્થીઓ માટે રૂ. ૫૦૮ કરોડની જોગવાઈ.
- સરકારી કુમાર-કન્યા છાત્રાલયો, સમરસ છાત્રાલયો અને ગ્રાન્ટ ઈન એઈડ એમ કુલ ૧૧૪૭ છાત્રાલયોના ૬૬,૦૯૮ વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૭૧ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જનજાતિના પ્રિ-મેટ્રિકના ૧૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ આપવા માટે રૂ.૧૪૨ કરોડની જોગવાઈ,
- અનુસૂચિત જનજાતિની ધોરણ ૯ માં અભ્યાસ કરતી અંદાજે ૪૫,૦૦૦ કન્યાઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાયકલ આપવા રૂ. ૧૬ કરોડની જોગવાઈ
- ૬ નવી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાના બાંધકામ માટે રૂ.૧૨ કરોડની જોગવાઈ.
- બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી કાર્યાન્વિત કરવા માટે રૂ.૨૨ કરોડની જોગવાઇ.
- ટી.બી., કેન્સર, રકતપિત્ત અને સીકલસેલ એનીમિઆ જેવા રોગો માટે મફત તબીબી સહાય યોજના હેઠળ રૂ. ૧૫ કરોડની જોગવાઈ.
- હળપતિઓ અને આદિમજૂથોને છ પાયાની સુવિધા આપવા માટે રૂ. ૫૧ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વિસ્તારની આદિજાતિ બહેનો માટે ડેરી વિકાસ યોજના હેઠળ રૂ.૧૫

કરોડની જોગવાઇ

- ૧૦ જુદા જુદા સ્થળોએ હાટબજાર શરૂ કરવા માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ
- માનવ ગરિમા યોજના હેઠળ ૧૬,૦૦૦ જેટલા લોકોને સ્વરોજગારી આપવા માટે કુલ રૂ.૧૦ કરોડની જોગવાઈ

## અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

**(કુલ જોગવાઇ રૂ. ૧૧૦૨ કરોડ)**

- રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા અન્વયે અગ્રતા ધરાવતા કુટુંબોને રાહતદરે અનાજ આપવા રૂ.૫૫૦ કરોડની જોગવાઇ
- અંત્યોદય તથા બી.પી.એલ. કુટુંબોને મીઠુ, ખાધતેલ તથા ખાંડ રાહતદરે આપવા રૂ. ૨૧૭ કરોડની જોગવાઇ
- "પીએનજી-એલપીજી સહાય યોજના" હેઠળ અંત્યોદય તથા બી.પી.એલ. કાર્ડધારકોને રૂ.૧૬૦૦ ગેસ કનેક્શન દીઠ સબસીડી તથા રૂ. ૧૭૨૫.૫૦ લોન પેટે આપવામાં આવશે. આ યોજના માટે રૂ. ૭૮ કરોડની જોગવાઈ
- નાબાર્ડ દ્વારા વેરહાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રાકચર ફંડ પ્રોજેકટ -૩ અન્વયે રાજયમાં ૮૪ સ્થળોએ અંદાજે રૂ. ૨૧૯ કરોડના ખર્ચે ગોડાઉન ઉભા કરવામાં આવશે.
- ૫૦ વર્ષ જૂના ૩૮૦ ગોડાઉનના મોર્ડનાઇઝેશન માટે રૂ. ૧૭ કરોડની જોગવાઇ

## પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**(કુલ જોગવાઇ રૂ. ૭,૨૩૯ કરોડ)**

- ગ્રામ્ય વિસ્તારો માટેની રૂર્બન યોજના અતંર્ગત પાણી પુરવઠાની યોજનાઓ, ભુગર્ભ ગટર અને રોડ મરામતના કામો માટે કુલ **રૂ.** ૧૦૦ કરોડની જોગવાઇ.

**ગ્રામ વિકાસ માટે કુલ જોગવાઇ** રૂ ૩૨૧૬ કરોડ

- સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ અંતર્ગત ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપનની કામગીરી માટે રૂ. ૭૦૦ કરોડની જોગવાઇ
- ગ્રામીણ વિસ્તારમાં ૧,૦૦,૦૦૦ કુટુંબોને ઘર બનાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના- ગ્રામીણ અંતર્ગત રૂ. ૧૩૯૧ કરોડની જોગવાઇ
- પ્રધાનમંત્રી આવાસ યોજના અંર્તગત લાભાર્થીઓને પ્રોત્સાહક સહાય અને બેંક

લોનમાં વ્યાજ સબસીડી માટે  રૂ. ૨૦ કરોડની જોગવાઇ.

- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ રૂ. ૩૯૦ કરોડની જોગવાઇ.
- પાણીની સગ્રહ શક્તિમાં વધારો કરી શકાય તે માટે વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર, ચેકડેમ તેમજ નાળાના ૧૨,૦૦૦ કામો માટે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ રૂ.૨૫૦ કરોડની જોગવાઇ.
- ગ્રામીણ વિસ્તારના  બહેનો સરળતાથી આજીવીકા મેળવી શકે તે માટે ૧૫૦૦૦ યુવાઓને સ્વરોજગાર માટે તાલીમ આપવા રૂ.૧૩૬ કરોડની જોગવાઇ

## <u>વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ</u>

**(કુલ જોગવાઇ રૂ. ૫૨૧ કરોડ)**

- સાયન્સ સિટીને વૈશ્વિક કક્ષાનું બનાવવા ખગોળશાસ્ત્ર અને અવકાશ વિજ્ઞાનની થીમ ઉપર આશરે ૧૦,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ગેલેરી બનાવવા રૂ. ૧૧૦ કરોડની જોગવાઈ.
- રાજ્યની ડિજિટલ ગર્વનન્સ ક્ષમતાને મજબૂત બનાવવા માટે કુલ જોગવાઇ રૂ. ૨૭.૫ કરોડ, જે પૈકી

  - સ્ટેટ ઓફ ધ આર્ટ નવા ડેટા સેન્ટરની સ્થાપના.
  - તમામ કચેરીના રેકર્ડના ડિજિટાઇઝેશન માટે કોમન ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ અને સ્ટોરેજની વ્યવસ્થા.
  - બિગ ડેટા તેમજ ડેટા એનાલિટિક્સ સેલની રચના.
  - રાજ્ય સરકારના નેટવર્ક પર સાઇબર હુમલા અટકાવવા માટે ગુજરાત કોમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ સેલની સ્થાપના કરવામાં આવશે.

## <u>વન અને પર્યાવરણ વિભાગ</u>

**(કુલ જોગવાઇ રૂ.૧૨૮૭  કરોડ)**

- ગુજરાતમાં આવેલ વનસંપદાના સંવર્ધન અર્થે વાવેતર, ભૂમિ અને ભેજ સંરક્ષણ તેમજ અન્ય આનુષંગિક  કામગીરી માટે રૂ. ૨૮૦ કરોડની જોગવાઇ.
- વન વિસ્તાર સિવાયના વિસ્તારોમાં વૃક્ષ વૃદ્ધિ  માટે સામાજિક વનીકરણ યોજના હેઠળ વાવેતર અને વિસ્તરણની પ્રવૃત્તિ માટે કુલ રૂ. ૨૪૭ કરોડની જોગવાઇ.
- ગુજરાત રાજયમાં આવેલ અભ્યારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનના સંવર્ધન અને સંરક્ષણ,અભયારણ્ય વિસ્તાર બહાર આવેલ વન્ય પ્રાણીઓના સંવર્ધન/સંરક્ષણ

તેમજ અભ્યારણ્યના વિસ્તાર ફરતે આવેલ ઇકો સેન્સેટીવ ઝોનમાં વસતા લોકોના આર્થિક વિકાસ અર્થે રૂ. ૯૫ કરોડની જોગવાઇ.

- પશુધનની ઘાસચારાની જરૂરિયાતને ધ્યાને રાખીને ઘાસ વિડીઓના સંવર્ધન માટે રૂ. ૬૯.૫૦ કરોડની જોગવાઇ.
- ગીર અને બૃહદગીર વિસ્તારમાં સિંહોના સંવર્ધન અને સંરક્ષણની "પ્રોજેક્ટ લાયન" ની વિશિષ્ટ યોજના માટે રૂ. ૪ કરોડની જોગવાઈ.
- ગીધ, વરૂ, ઘોરાડ તથા રીંછ જેવા લુપ્ત થતા વન્યપ્રાણી અને પક્ષીઓના સંરક્ષણ અને સંવર્ધનની યોજના માટે રૂ. ૩ કરોડની જોગવાઈ.
- વન નજીક આવેલ ગામોમાં સ્થાનિક આદિવાસીઓ દ્વારા કચરાનો યોગ્ય નિકાલ કરી સ્વચ્છતા જાળવવા વર્મી કમ્પોસ્ટ યુનિટ તૈયાર કરવા માટે રૂ. ૩ કરોડની જોગવાઇ.

## <u>ક્લાઇમેટ ચેન્જ વિભાગ</u>

**(કુલ જોગવાઇ રૂ. ૧૦૩ કરોડ)**

- રહેણાક અને સરકારી મકાનો ખાતે સૌર પેનલો તથા સોલર વોટર હીટીંગ સિસ્ટમ બેસાડવા માટે જોગવાઇ રૂ. ૬૦ કરોડ.
- રાજ્યની ૨૦૦૦ સરકારી શાળાઓમાં ૪૦,૦૦૦ એલ.ઇ.ડી. ટ્યુબલાઇટ તથા ૨૦,૦૦૦ સ્ટાર ઊર્જા કાર્યક્ષમ પંખાઓ નાંખવામાં માટે જોગવાઇ રૂ. ૪ કરોડ.
- ૩૦૦૦ વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત વાહનો માટે સહાય આપવા જોગવાઇ રૂ. ૩ કરોડ.
- ઇ-રિક્ષા માટે ૧૨૫૦ લાભાર્થીઓને સહાય આપવા માટે જોગવાઇ રૂ.૨.૫૦ કરોડ.

## <u>બંદરો અને વાહન વ્યવહાર વિભાગ</u>

**(કુલ જોગવાઇ રૂ.૧૪૩૧ કરોડ)**

- અલંગ શીપ રીસાઈકલીંગ યાર્ડનું આધુનિકરણ માટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ.
- ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી અને તેને સંલગ્ન માર્ગ સલામતીની કામગીરી માટે રૂ. ૨૫ કરોડની જોગવાઇ

**ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ**

- રાજયના અંતરિયાળ વિસ્તારોમાં પરિવહનની સેવા વધુ સુદ્રઢ અને મજબૂત બનાવવા ૧૬૪૦ નવી બસો સંચાલનમાં મૂકવા માટે રૂ. ૪૧૦ કરોડની જોગવાઈ.
- ડેપો અને બસ સ્ટેશનો ના નવીનીકરણ માટે કુલ જોગવાઇ રૂ. ૧૦૦ કરોડ.

## રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ

**(કુલ જોગવાઇ રૂ ૫૮૧ કરોડ)**

- ખેલ મહાકુંભના આયોજન માટે રૂ. ૭૫.૯૦ કરોડની જોગવાઇ, જે પૈકી દિવ્યાંગ ખેલાડીઓ માટે પણ વિશેષ મહાકુંભનું આયોજન કરવામાં આવશે જેના માટે રૂ.૮ કરોડની જોગવાઇ
- ગાંધીનગર,સમા (વડોદરા) ખાતે સ્પોર્ટસ હોસ્ટેલ તેમજ બોટાદ અને ભરૂચ ખાતે મલ્ટી પર્પઝ સ્પોર્ટસ કોમ્પલેક્સ અને મહેસાણા ખાતે સ્વિમિંગ પુલની કામગીરી માટે કુલ રૂ.૧૧.૫૦ કરોડની જોગવાઇ.
- જિલ્લા કક્ષાની સ્પોર્ટસ સ્કૂલની ક્ષમતામાં વધારો કરવા માટે રૂ. ૭૨ કરોડની જોગવાઇ

## મહેસૂલ  વિભાગ

- નમૂના નંબર ૭/૧૨ની જૂની નોંધોના રજિસ્ટર સ્કેન કરીને ઓન-લાઇન ઉપલબ્ધ થાય તે માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ.
- સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં મૂળભૂત અને આવશ્યક સુવિધાઓ માટે ૨૨ સબ રજિસ્ટ્રાર કચેરીઓને મોડલ કચેરી બનાવવા માટે રૂ. ૬.૭૩ કરોડની જોગવાઈ

## માહિતી અને પ્રસારણ વિભાગ

- માન્યતા પ્રાપ્ત પત્રકારોને એસ.ટી. સંચાલિત વોલ્વો બસમાં નિઃશુલ્ક મુસાફરીની સુવિધા પૂરી પાડવામાં આવશે.

****************